# GUJARAT SAMACHAR ON DATED : 02.06.2015

## મેડિકલ-પેરામેડિકલમાં ૧૧મીથી ફોર્મ વિતરણ સાથે પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમદાવાદ,સોમવાર

ધો.૧૨ સાયન્સનું પરિણામ આવ્યા બાદ બી ગ્રુપના વિદ્યાર્થીઓને મેડિકલ-પેરામેડિકલમાં પ્રવેશ માટે ૧૧મીથી ફોર્મ વિતરણ સાથે પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે.

પ્રવેશ સમિતિના જણાવ્યા અનુસાર ૧૧મીથી ૧૮મી સુધી એક્સિસ બેંકની ૪૧ બ્રાંચોમાંથી બુકલેટ અને ફોર્મ મળી શકશે અને ૨૦મી સુધી ભરીને નિયત કરેલી સરકારી મેડિકલ કોલેજોમાં જમા કરાવી શકાશે.

રાજ્યમાં હાલ ઉપલબ્ધ ૨૦ મેડિકલ કોલેજોની ૩૦૮૦ બેઠકો અને ડેન્ટલ-પેરામેડિકલની ૭૦૦૦ સહિત ૧૦૨૫ જેટલી બેઠકો માટે મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા આગામી ૧૧મીથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થનાર છે,જે અંતર્ગત ૧૧મીથી ૧૮ સુધી એક્સિસ બેંકની ૪૧ બ્રાંચોમાંથી ફોર્મ અને બુકલેટ મળશે અને ૨૦મી સુધી વિદ્યાર્થીઓએ ૬ સરકારી મેડિકલ કોલેજો સહિત નિયત થનારી કોલેજોમાં ફોર્મ ભરીને જમા કરવાનું રહેશે.ફોર્મ ભરાયા બાદ સમિતિ દ્વારા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાશે અને ત્યારબાદ મેરિટના આધારે રૂબરૂ કાઉન્સેલિંગ પ્રક્રિયા હાથ ધરાશે.મહત્વનું છે કે આ વર્ષે બી ગ્રુપના ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ વધતા ૪૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ હોઈ મેરિટ થોડુ ઊંચુ રહેવા સાથે પ્રવેશની સમસ્યા સર્જાવાની શક્યતા છે.

**૧૮મી સુધી નિયત કરેલી બેંકની બ્રાન્ચોમાંથી ફોર્મ મળશે : ૨૦મી સુધી સરકારી કોલેજોમાં જમા કરાવી શકાશે**

Dated : 02.06.2015, Gujarat Samachar, Last Page

# SANDESH NEWS PAPER ON DATED : 10.06.2015

Vibrant GUJARAT 2015 11-13 Jan.
The Global Business Hub | 7th Global Summit

## એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષિસ,
## C/o.ડીન, બી. જે. મેડીકલ કોલેજ, અસારવા, અમદાવાદ–૧૬

## જાહેરાત

### શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ના પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ./બી.ડી.એસ./ ફિઝીયોથેરાપી / આયુર્વેદ / હોમિયોપેથી / બી.એસ.સી. નર્સિંગ / ઓર્થોટીકસ / ઓપ્ટોમેટ્રી /ઓકયુપેશનલ થેરાપી/ નેચરોપેથી અને બી.એ.એસ.એલ.પી. ના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની જાહેરાત

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા / ધોરણ –૧૨ (વિજ્ઞાન પ્રવાહ બી/એબી ગ્રુપ) માં ઉત્તીર્ણ થયેલ ગુજરાત બોર્ડ / સેન્ટ્રલ બોર્ડ / કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ સર્ટીફિકેટ એકઝામિનેશન બોર્ડના યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ નિયમો ૨૦૧૫–૧૬ મુજબ સરકારી, ગ્રાન્ટ–ઈન–એઈડ, મ્યુનિસિપલ તથા સ્વનિર્ભર કોલેજોની સરકારી બેઠકોમાં ઉપરોકત દર્શાવેલ અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેના અરજીપત્રકો અને માહિતી પુસ્તિકા ગુજરાત રાજ્યની અત્રેની સમિતિ દ્વારા પ્રમાણિત થયેલ એકસિસ બેંકની શાખાઓ (શાખાઓનું લીસ્ટ પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે) માંથી બેંકોના કામકાજના કલાકો દરમ્યાન <u>તા.૧૧/૦૬/૨૦૧૫ થી તા.૨૦/૦૬/૨૦૧૫</u> સુધી જ તેમજ બેંકીગ રજાના દિવસો સિવાય (રવિવાર સિવાય) રૂા. ૧૮૦/– રોકડા (રૂા.૧૫૦/– ફોર્મ ફી + રૂા.૩૦/– પ્રોસેસ ફી) આપવાથી મળી શકશે.

સુવાચ્ય અક્ષરોમાં યોગ્ય રીતે ભરેલાં અરજીપત્રકો, માર્કશીટ, સર્ટીફિકેટ, જાતિ અંગેના પ્રમાણપત્રો વગેરેની નકલો સાથે નીચે જણાવેલ કેન્દ્રો ઉપર રૂબરૂમાં જ (શકય હોય ત્યાં સુધી ઉમેદવારોએ જાતે )આવવાનું રહેશે. <u>તા.૧૧/૦૬/૨૦૧૫ થી તા.૨૦/૦૬/૨૦૧૫</u> (રવિવાર સિવાય) સુધી સવારે ૧૦–૦૦ કલાકથી સાંજના ૫–૦૦ કલાક સુધી જ સ્વીકારવામાં આવશે. <u>ગુજકેટની પરીક્ષા જેમણે ૨૦૧૫ માં આપેલ હોય તેવા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર ઠરશે.</u>

### :: સંપૂર્ણ ભરેલા પ્રવેશ અરજીપત્રકો સ્વીકારવા માટેના કેન્દ્રો ::

| નંબર | કેન્દ્રનું નામ અને સરનામું |
|---|---|
| ૧ | એડમીશન કમિટી, બી. જે. મેડીકલ કોલેજ, ટ્રોમા સેન્ટર સામે, ટ્રાન્ઝીટ વોર્ડની પાછળ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬ |
| ૨ | સરકારી મેડીકલ કોલેજ, એસ.એસ.જી. હોસ્પિટલ કેમ્પસ, જેલ રોડ, વડોદરા–૦૧ |
| ૩ | સરકારી મેડીકલ કોલેજ, નવી સીવીલ હોસ્પિટલ, મજુરાગેટ, સુરત ૩૯૫૦૦૧ |
| ૪ | સરકારી મેડીકલ કોલેજ, બસ સ્ટેશન પાસે, ભાવનગર–૩૬૪૦૦૧ |
| ૫ | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, રાજકોટ–૩૬૦૦૦૧ |
| ૬ | એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર–૩૬૧૦૦૮ |
| ૭ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, પાટણ, ધારપુર ગામ પાસે, ઉંઝા હાઈવે, ધારપુર–પાટણ ૩૮૪૨૬૫ |
| ૮ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ પાસે, સેકટર–૧૨, ગાંધીનગર–૩૮૨૦૧૨ |
| ૯ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, હાલાર રોડ, નાનકવાડા, વલસાડ–૦૧ |

શ્રીમતિ એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ/ સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત ખાતે લોકલ કવોટાની સીટો માટે પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ અમદાવાદ તેમજ સુરત કોર્પોરેશનની હદના સ્થાનિક રહેવાસી છે તે મતલબનું પ્રમાણપત્ર ઉપરોકત મ્યુનિસિપલ મેડીકલ કોલેજોના ડીનશ્રી પાસેથી મેળવી અરજીપત્રક સાથે અચુક બીડવાનું રહેશે.

શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે સરકારશ્રીના નોટીફિકેશન ક્રમાંકઃ જીપી–૧૧–એમસીજી–૧૦૦૮/૩૫૪૪/જ, તા.૨૬/૫/૦૯ મુજબ રચાયેલ ફિઝીકલ હેન્ડીકેપ્ડ બોર્ડ નિર્ણય લેશે. શારીરિક ખોડખાંપણ અંગેની ટકાવારી માટે બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તા.૦૧/૦૪/૨૦૧૫ અથવા ત્યારબાદનું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ (પરિશિષ્ટ–ક) ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારી પાસેથી મેળવીને અરજીપત્રક સાથે અચુક રજુ કરવાનું રહેશે.

ટપાલ, કુરીયર દ્વારા મોકલેલ અરજીપત્રકો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેમજ પ્રવેશને પાત્ર ગણવામાં આવશે નહિ. <u>તા.૨૦/૦૬/૨૦૧૫ ને સાંજના ૫–૦૦ કલાક બાદ આવેલાં અરજીપત્રકો કોઈ પણ સંજોગોમાં પ્રવેશને પાત્ર ગણવામાં આવશે નહિ.</u> જેની સંબંધિત વાલી અને વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.

પ્રવેશ અંગેની વધુ માહિતી આ સમિતિની વેબસાઈટ **www.medadmbjmc.in** પર ઉપલબ્ધ છે. જેથી વાલી/વિદ્યાર્થીઓને ખાસ વિનંતી કે સમિતિ દ્વારા આ વેબસાઈટ ઉપર વખતોવખત મુકવામાં આવતી માહિતીને સમયાંતરે ખાસ જોતા રહેવું.

**ક્રમાંક/સંમાનિ/અમદ/૪૨૪/૨૦૧૫** ચેરમેન